અભિનંદન પત્રમાળા

આ પુસ્તકમાં બતાવેલાં લ-
ખાણો ઇનામ કાઢીને મેળવ્યાં છે

સંપાદક અને પ્રકાશક
ઠાકોરલાલ પરષોત્તમરાય ઠાકોર
માલીક, પ્રજાબંધુ પ્રિન્ટીંગ વર્કસ
ખાડીયા, જેઠાભાઇ પોળ, અમદાવાદ

આવૃત્તિ ૧ લી – પ્રત ૧૦૦
સને ૧૯૧૫ – સંવત ૧૯૭૧

કીંમત રૂ. ૦-૪-૦

નવા વર્ષની યાચના

અનુષ્ટુપ્

સવિતાને નમી પ્રાતે,
પ્રથમરશ્મિ ફૂટતાં,
અભિલષું નવા વર્ષે,
મંગલ-સહુ સ્નેહીને !

નવા વર્ષે, નવું તેજ,
નવી જ્યોતિ અનુભવો;
પુષ્પપરાગની પેઠે,
ધર્મ-ધંધો વધો ! વધો !!

આયુષ્ય, રૂપ ને લક્ષ્મી,
કીર્તિ, કાન્તિ, સુભાવના,
પ્રાર્થું હું પ્રભુને પ્રીતે,
સુખ-શાન્તિ, વધો ! વધો !!

અસ્તુ !

લી.

પોસ્ટ કાર્ડ નં. ૧

આ વર્ષે બહુ ફળજો !

ગઝલ-કવ્વાલી

વરસ નૂતન થજો સુખકર ! અમારી એ જ આશાષો !
મઝામાં પ્રેમનો ઘુંટડો સુસ્નેહીનો ભરી પીશો !
કળીરૂપ પ્રેમ પોષીને, હ્રદયના દ્વારને ખોલો !
સુહ્રદના તેમ ખોલાવી, ઝરો સુસ્નેહનો દોળો !

■ ■ ■ ■

વિભવ સદ્દજ્ઞાન ને વિદ્યા અતીશે પામજો સ્હેલે !
દયા-દ્રષ્ટિ મહીં દાખી, વહેજો ભક્તિના વ્હેળે !
સુગુણ-સંપન્ન થઇ સાચા ! સ્વદેશે દાઝ કંઇ ધરજો !
કુટુંબી સાથ દીર્ઘાયુઃ બનો ! ' આ વર્ષ બહુ ફળજો ' !

લી.

પોસ્ટ કાર્ડ નં. ૨

અભિનંદનપત્ર

ઝુલણા છંદ

ઉડ ઉમંગથી પત્ર ઉતાવળો પ્રેમના પાત્રને જઇ કહેજે,
મિત્રના ચિત્તમાં ઉભરો પ્રેમનો તેતણું સ્નેહીને દાન દેજે;
આશ અંતરતણી એટલી અવનવી સ્નેહીનું સર્વદા શુભ થાજો,
નવનવાં સુખ મળજો નવા વર્ષમાં દુઃખ દુરિત સૌ દૂર જાજો.
ઈશની દૃષ્ટિથી ધાન્ય ને ધનતણી વૃષ્ટિ વહાલાતણે ભુવન જામો,
રિદ્ધિસિદ્ધિ મળો તાપ ત્રિવિધ ટળો પુત્ર પરિવાર સુખકાર પામો;
વીર વિક્રમતણા વીસમા શતકકેરૂં નવું વર્ષ શુભ થાઓ સુખદા,
શાન્તિ શક્તિ વધો શીઘ્ર સદ્દગુણ સજો પૂર્ણ કર હે પ્રભુ અંતરેચ્છા.

લી.

પોસ્ટ કાર્ડ નં. ૩

સાલ મુબારક

દ્રુતવિલંબિત

પ્રિય ! દિસે હસતું તવ દ્વારમાં
નવીન વર્ષ સુંઆળ સ્વરૂપમાં
લહરિયો મીઠી શીતલ લાવ્યું એ
સુભગ આશની વાત જ કહેતું તે

ભુલવતું દુઃખ વૈર અનેક તે
જગવતું અણુ ચેતન અંતરે
ખીલવતું દૃઢ પ્રેમ તમામમાં
મચવતું મસ્ત તાન સુગાનનાં

"ઉદય હિંદ તણો કરવા તમે
સહુની સાથ મથો–" મધુરૂં ગુંજે
અવનવા કંઈ માર્ગ બતાવતું
પ્રિય ! પ્રીતે નવું વર્ષ વધાવ તું

લી.

नूतनवर्षाभिनन्दनम्

श्रियं सुखं स्वास्थ्यमथो सुबुद्धिम् ।
लाभं स्वकार्ये विजयं विभूतिम् ॥
नवं नवं संगमयत्प्रसंगम् ।
हर्षप्रकर्षं वितनोतु वर्षम् ॥

શ્રીમાન્ ચક્રવર્તી ભૂપેન્દ્ર વીર વિક્રમાદિત્યની જયન્તીરૂપ આજના અપૂર્વ માંગલિક દિવસથી શરૂ થતું નવીન વર્ષ આપને, આપના કુટુંબને તથા આપ્તજનસમૂહને વિજયી નીવડી ઋદ્ધિ, સિદ્ધિ, આરોગ્ય, આયુષ્ય અને સન્મતિ અર્પે એવી જગન્નિયંતા પ્રત્યે મારી શુદ્ધ હૃદયની નમ્ર પ્રાર્થના છે, જે પૂર્ણ થાઓ !

લી.

પોસ્ટ કાર્ડ નં. ૫

एक सुभाशिष

વસંતતિલકા

લક્ષ્મી તણા અમર પદ્મની આસપાસ,
ફૂટી ખીલી ખરી જતી કંઈ પાંખડીઓ;
વર્ષોતણાં શતક તેમ અનન્તતામાં,
ફૂટી ખીલી ખરી જવા વહતાં હજારો !

વ્હાલાં, સખા, સખિ, સહોદર, બાળ ભોળાં,
લક્ષ્મીતણા કુસુમના મધુનાં વિહારી !

* * * *

સેવા ધરૂં નવીન શી ચરણારવિન્દે ?
ગુંથી કયાં કુસુમનો લઈ હાર આપું ?

લાવી ધરૂં હૃદય તોપણ આ તમોને,
લાવી ધરૂં હૃદય તે નિજ સાથ લેજો;
પીજો પિવાડી મધુ અમૃત પુષ્પનું સૌ,
બીજું ધરે પ્રભુજી તે લઈ મગ્ન રહેજો !!

કલાપી.

લી.

પોસ્ટ કાર્ડ નં. ૭

સાલ મુબારક

વસંતતિલકા

સમૃદ્ધિ ધાન્ય ધન સંતતિ સારી પામો,
વ્યાધિ ઉપાધિ વળી આધિ બધી વિરામો;
પૂરો પ્રભુ તમ તમામ મનોરથોને,
થાઓ નવું વરસ આ સુખદા તમોને !

પરમ ભાગ્યવાન્ બંધુ !

આજથી શરૂ થતું નૂતન વિક્રમ વર્ષ આપને કુટુંબ, પરિવાર, મિત્રમંડળ સહિત સંપૂર્ણ આબાદીભર્યું પસાર થાય એવી કૃપાળુ પરમાત્મા પ્રત્યે યાચના કરતો—

હું છું
આપના ઉત્કર્ષને ઇચ્છતો,

નવું વર્ષ સુખી નીવડો !

માત તાત ભાઈ બ્હેન વ્હાલઘેલાં,
લાડ કોડ પૂરતાં રમી રહેલાં,
લ્હાવ એ રચો હો સ્વર્ગ જીંદગીમાં,
ઘેર ઘેર પુણ્ય થાવ દેણગીનાં !

*   *   *   *

ભાવના વિમળને વેરજો સોનેરી પાંખમાં રે લોલ,
ફરતાં જ ફૂટજો માનવ કુટુંબનાં ઝાડવાં રે લોલ !

લલિત.

પુણ્યવંતાં સુશીલ બ્હેન !

આજે બેસતા નવા વર્ષમાં પ્રભુ તમોને વિદ્યા, ધન, આરોગ્ય, સુખ તથા સ્વજનોનો પવિત્ર સ્નેહ બક્ષે અને તમારો સંસાર સ્વકુટુંબનાં તેમ જ સમસ્ત દેશનાં હિતનાં કામોમાં સફળતા મેળવે એવી ઈચ્છા રાખું છું.

લી.

પોસ્ટ કાર્ડ નં. ૮

New Year's Greeting

Though far apart
Still friends at heart

For Friendship's Sake,

compliments

of the Season and

all goodwishes

from

Post Card No. 9

Hope shall brighten days to come
And memory gild the past
Moore

Sincere Good Wishes

For Dewali

and the

coming year

from

Post Card No. 10

usar

'Tis the time when hearts are lightest
'Tis the time when love is brightest

To Greet you right merrily

with Best Wishes

for

a Happy Dewali

and

a Bright New Year

from

Post Card No. 11

To wish you

A Happy New Year

I send a greeting
In this simple way
To prove a friendship
That will last for aye

■ ■ ■

Your life be bright
Your heart be light
And happiness
Your future bless!

Yours

નવા વર્ષનું સુખી પ્રભાત !

આ રમણીય પ્રભાત તો જુઓ ! આજની તેની શોભા શી દિવ્ય લાગે છે? આપણી પરમપૂજ્ય પવિત્ર આર્યભૂમિમાં સ્થળે સ્થળે સુખોની વૃષ્ટિ કરનાર મહાન્ પરોપકારી વીર વિક્રમાદિત્યના નૂતન વર્ષનો આજથી આરંભ થાય છે! કેવો મંગલ પ્રસંગ? તે મહાન્ નરના પગલે ચાલવાની દૃઢ ઇચ્છા પ્રકટ થાઓ! આપણા બંધુઓની, આપણી ન્યાત-જાતની, આપણા કુટુંબી જનોની અને આપણા આત્માની સાચા દિલની સેવા બજાવવાની જિજ્ઞાસા આપણામાં પ્રકટ થાઓ! એથી વિશેષ ઇચ્છા હોય તો તે એટલી જ કે-

વસંતતિલકા

શોભે ઉષા મધુર નૂતન આ અનેરી,
આશાભર્યા નિવડજો કિરણો સુનેરી,
ને આ ગુલાબી સુરખી પ્રસરી રહી જે,
તે તો સદાય વસજો વદને તમારે !

લી.

નવા વર્ષની નવી આશીષ્

શાર્દૂલ

દેજો આ નવું વર્ષ હર્ષ અતીશે માંગલ્યકારી બની,
નિર્વિઘ્ને સહુ સ્થાન માન મળીને થાઓ અતીશે સુખી;
પામો સિંહ સમો અતિ વિજયને શત્રુ નમો કંપીને,
નિર્ભ્રાંતે વિચરો સુકીર્તિ પ્રસરો સંપી રહો જંપીને.

થાઓ લાભ સુપુત્ર મિત્ર ધનનો, ને ધાન્યનો લાભ હો,
વૃદ્ધિ આયુતણી તથા પશુતણી વિદ્યાની વૃદ્ધિ હજો;
સત્કાર્યે જય હો, અધર્મ પળજો, બુદ્ધિની વૃદ્ધિ થજો,
ધારેલા સુમનોરથો સહુ ફળો, સૌ દાવ સારા પડો.

જાઓ કલેશ, ન શેષ ક્યાંય વસજો, કુસંપ ભાગી જજો,
સેવા દેશની બેશ નિત્ય કરીને દુષ્ટોથું પૂરા પડો;
આધિ વ્યાધિ ઉપાધિ આદિ કદિએ સ્વપ્ને ન દેખાવ દો,
આપું આશીષ આ નવા વરસમાં, આનંદ વર્તી રહો.

લી.

નોટ પેપર નં. ૧૪

આશીર્વાદ

વસંતતિલકા

વાધો સદા અવનિમાં તવ કીર્તિ સારી,
આ વર્ષ નૂતન બનો અતિ સૌખ્યકારી;
કષ્ટો દહો તમતણાં પ્રભુ શાન્તિ અર્પે,
માગું સદા મતિ વિશુદ્ધ વિભુ સમર્પે.

આયુઃ વધો અરિ ટળો વધજો શુભેચ્છા,
સંતાન દ્રવ્ય સુખની પુરજો મનેચ્છા;
કાર્યો બનો શુભ ગૃહે અતિ હર્ષ વ્યાપે,
રાચો સુખો પરિજને પ્રભુના પ્રતાપે.

શ્રી ઈશના ચરણમાં મનડું તમારૂં,
લાગો થવા જીવનનું પણ શ્રેય સારૂં;
વેલી સમો જ વધવા પરિવાર પામો,
રૂડો પ્રતાપ સઘળે જગ પૂર્ણ જામો.

લી.

A Happy New Year

Let past ills be forgotten,
Let malice lose its sway,
And foes unite in friendship,
On this glad New Year's day!
Then let your hope be fervent
And Honour be your crest,
And all shall sing the chorus,
"Let the New Year be your best!"

Yours

A NEW YEAR'S GREETING

I send a greeting
In this simple way
To prove a friendship
That will last for aye

Your life be bright
Your heart be light
And happiness
Your future bless!

Yours

नूतनवर्षारंभे
स्नेहार्पण

સ્નેહ સુમૈત્રી-પથ ઉપર, છે જે સમરસ-સાર,
સરસ સુમન લઈ તે તણાં, ગુંથ્યો સમરસ-હાર.
વર્ષારંભે વ્હાલથી, લેતાં સમરસ વાર,
પહેરાવું તમને પ્રીતે, એ મમ સમરસ-હાર.

લી.

ફોલ્ડીંગ કાર્ડ નં. ૧૮

A Happy New Year

Days come and go, years pass away
But thoughts of friendship with us stay

A small memento of Goodwill

and the

Heartiest of Greetings

for

Dewali & New Year

from

Folding Card No. 10

To Greet You

May happiness bless you all your way
Unstinled in its measure

Moore

With Dewali

Greetings

AND ALL GOOD
WISHES FOR THE
NEW YEAR, from

Folding Card No. 20

“[illegible] પ્રિન્ટીંગ વર્કસ” માં
ઠાકોરલાલ પરષોત્તમરાય ઠાકોરે છાપ્યું
ખાડીયા, ભેંડાભાઈ પોળ, અમદાવાદ